


## બીજા તબક્કામાં કુલ ૪૨૭ કરોડપતિ ઉમેદવારો મેદાનમાં

### ૪૨૭ની સંપત્તિ એક કરોડ અથવા તો વધારે : ૧૧ ટકા ઉમેદવારોની સંપત્તિ પાંચ કરોડ કરતાય વધારે

નવી દિલ્હી,તા. ૧૭

લોકસભાની ચૂંટણીના બીજા તબક્કા માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. આને લઈને ભારે ઉત્સા દેખાઈ રહ્યો છે. બીજી બાજુ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ (એડીઆર)ના નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં બીજા તબક્કાની ચૂંટણીમાં ૨૭ ટકા ઉમેદવારો અથવા તો ૪૨૭ ઉમેદવારોની સંપત્તિ કરોડોમાં છે. આ ઉમેદવારો કરોડપતિ છે. તેમની સંપત્તિ એક કરોડ અથવા ો ઉપરની છે. જ્યારે ૧૧ ટકા ઉમેદવારો દ્વારા તેમની સંપત્તિ પાંચ કરોડ જાહેર કરવામાં આવી છે. આવી જ રતે ૪૧ ટકા ઉમેદવારોએ તેમની સંપત્તિ ૧૦ લાખ રૂપિયા આંકી છે. લોકસભાની ચૂંટણીમાં બીજા તબક્કામાં મેદાનમાં રહેલા ઉમેદવારો પૈકી સરેરાશ ઉમેદવારોની સંપત્તિ ૩.૯ કરોડ રૂપિયા જેટલી આંકવામાં આવી છે. નેશનલ ઈલેક્શન વોચ અને એડીઆર દ્વારા લોકસભાની ચૂંટણીમાં મેદાનમાં રહેલા કુલ ૧૬૪૪ ઉમેદવારો પૈકી ૧૫૯૦ ઉમેદવારોના એફિડેવિટમાં ચકાસણી કરી છે. આ તમામ પૈકી ૧૫૯૦ ઉમેદવારોના આંકડામાં અભ્યાસ કરવામાં આવ્યા બાદ કેટલીક નવી વિગત સપાટી પર આવી છે. જે પૈકી નેશનલ પાર્ટીના ઉમેદવારોની સંખ્યા વધારે છે. બીજા તબક્કામાં નેશનલ પાર્ટીના ઉમેદવારોની સંખ્યા ૨૦૯ છે. રાજયની પાર્ટીઓના ઉમેદવારોની સંખ્યા ૧૦૭ નોંધાઈ છે.

## દેશનું યુવાધન દેશનું ભવિષ્ય છે : સ્મૃતિ ઈરાની

### મહિલાઓના સન્માન અને કલ્યાણ માટે પગલા લેવાયા : મોદીના હાથ મજબૂત કરવા કટિબદ્ધતા દર્શાવવાની જરૂર



અમદાવાદ,તા.૧૭

આજરોજ પાટણ લોકસભામાં ભાજપના ઉમેદવારના સમર્થનમાં કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીના અધ્યક્ષ સ્થાને મહિલા અને યુવા સંમેલન યોજાયું હતુ. સ્મૃતિ ઈરાનીએ સંમેલનને સંબોધતા જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની કેન્દ્ર સરકારે મહિલાઓના માન-સન્માન-ગરિમા અને કલ્યાણ માટે અનેકવિધ પગલાંઓ લીધા છે. મહિલાઓની ગરિમા જળવાઈ રહે તે માટે ઘર-ઘર સુધી શૌચાલયો ઉપલબ્ધ થાય તે બાબતને પ્રાધાન્ય આપ્યુ છે. આ ઉપરાંત ગરીબ મહિલાઓ માટે દરેક ઘરમાં ગેસ કનેક્શન આપી રસોડાને ધુમાડામુક્ત કરી મહિલાઓના સ્વાસ્થ્યની દરકાર લીધી છે. ઈરાનીએ જણાવ્યુ હતુ કે, સ્ત્રી સશક્તિકરણની દિશામાં આગળ વધતાં રાષ્ટ્રની પ્રગતિ અને સમૃધ્ધિમાં સમાનરૂપે લાભાર્થી અને ભાગીદાર બનાવવાની કટિબધ્ધતા તથા આગામી ૫ વર્ષમાં "વિમેન વર્ક ફોર્સ" વધારવા એક વિસ્તૃત રોડમેપ તૈયાર કરાયો છે. મહિલાઓ માટે રોજગાર સર્જન હેતુ વસ્ત્રો, ચર્મ, કાગળ, લાકડું, રબર, ફર્નિચર વગેરે જેવા ઉદ્યોગ એકમો કે જેમાં મહિલાઓની વર્કફોર્સમાં ઓછામાં ઓછી ૫૦ ટકા ભાગીદારી હોય તેમાં સરકારી ખરીદી ૧૦ ટકા સુનિશ્ચિત કરવા માટે તથા ત્રણ તલાક વિરૂધ્ધ કાયદો બનાવીને મુસ્લીમ મહિલાઓ માટે ન્યાય સુનિશ્ચિત કરવાની દિશામાં પહેલ પર સંકલ્પપત્રમાં વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. ઈરાનીએ જણાવ્યુ હતુ કે, દેશનું યુવાધન આ દેશનું ભવિષ્ય છે. જ્યારે વાત રાષ્ટ્રહિતની હોય, દેશદાઝની હોય, ત્યારે યુવાનોએ આ બાબતોને પ્રાધાન્ય આપી દેશહિતમાં મોદીના હાથ મજબૂત કરવા પ્રતિબધ્ધતા દર્શાવવી જોઈએ.

## પીએમ નરેન્દ્ર મોદી બાયોપીક ફિલ્મને ચૂંટણી પંચે અંતે જોઈ લીધી

### સુપ્રીમ કોર્ટમાં રિપોર્ટ સોંપાયા બાદ નિર્ણય થશે : વિવેક ઓબેરોય અભિનિત ફિલ્મને લઇને ટૂંકમાં જ નિર્ણય

નવી દિલ્હી,તા. ૧૭

સુપ્રીમ કોર્ટના આદેશ પર ચૂંટણી પંચની સામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બાયોપિક ફિલ્મ પીએમ નરેન્દ્ર મોદીની સ્ક્રિનિંગ કરવામાં આવી ચુકી છે. આ સ્ક્રિનિંગમાં ચૂંટણી પંચના સાત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્ક્રિનિંગ બાદ ચૂંટણી પંચની ટીમે પોતાનો અહેવાલ સુપ્રીમ કોર્ટની સમક્ષ રજૂ કરી દીધો છે જેના આધાર પર ફિલ્મની રજૂઆતના મામલે નિર્ણય કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કહ્યું છે કે, વિવેક ઓબેરોય સ્ટારર આ ફિલ્મને જોઈને નિર્ણય કરી શકે છે. ફિલ્મ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે કે કેમ તેને લઈને નિર્ણય લેવામાં આવશે. એમ પણ કહેવામાં આવ્યું છે કે, ફિલ્મ નિહાળ્યા બાદ ૨૨મી એપ્રિલ સુધી પોતાની દલીલો સીલબંધ કવરમાં રજૂ કરવા કહેવામાં આવ્યું હતું. ફિલ્મ પીએમ નરેન્દ્ર મોદીના ફિલ્મ નિર્માતા તરફથી ઉપસ્થિત રહેલા વકીલ મુકુલ રોહતાગીએ કોર્ટમાં દલીલ કરી હતી કે, ચૂંટણી પંચે ફિલ્મ નિહાળ્યા વગર પ્રતિબંધ મુક્યો હતો. ચૂંટણી પંચે વડાપ્રધાનના જીવન ઉપર આધારિત આ ફિલ્મને લઈને ચૂંટણી આચારસંહિતા લાગૂ હોવાની રજૂઆત કરી હતી. વિરોધ પક્ષ તરફથી ફરિયાદ મળ્યા બાદ આની રજૂઆત પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. ફરિયાદમાં કહેવામાં આવ્યું તું કે, મોદી ઉપર આધારિત બાયોપિક ફિલ્મ રજૂ કરવામાં આવશે તો લાભ ઉઠાવવામાં આવશે. ભાજપે ચૂંટણી લાભ ઉઠાવવાના હેતુસર આ મુદ્દો ઉઠાવ્યો છે. ફિલ્મના નિર્માતાઓનું કહેવું છે કે, લોકશાહીમાં અભિવ્યક્તિ અને સ્વતંત્રતાને મહત્વ આપવામાં આવે છે. સુપ્રીમ કોર્ટમાં પોતાની ફિલ્મના સંબંધમાં રજૂઆતમાં કેવામાં આવ્યું છે કે, આ પ્રેરણાદાયી પટકથા છે. દરેક વ્યક્તિએ આ ફિલ્મ નિહાળવી જોઈએ. ભારતના તમામ લોકોને ન્યાય માટે અપીલનો અધિકાર છે.

## બધી સરકારી એજન્સીઓ ભાજપનો હિસ્સો બની છે

### દરોડા બાદ કાનીમોઝીની પ્રતિક્રિયા

ચેન્નાઈ, તા. ૧૭

છેલ્લા કેટલાક દિવસમાં આવકવેરા વિભાગ દ્વારા દેશના જુદા જુદા વિસ્તારોમાં વ્યાપક દરોડા પાડવામાં આવી રહ્યા છે. અધિકારીઓએ મંગળવારના દિવસે ડીએમકેના નેતા કાનીમોઝીના આવાસ ઉપર દરોડા પાડ્યા હતા. તેમની પાસે મોટી માત્રામાં રોકડ રકમ એકત્રિત છે તેવી બાતમી મળ્યા બાદ આ દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડાન કાર્યવાહી બાદ કાનીમોઝીએ ભારતીય જનતા પાર્ટીની વ્યાપક ટિકા કરી છે અને આક્ષેપ કર્યો છે કે, તમામ સરકારી સંસ્થાઓ ભાજપના હિસ્સા તરીકે છે. તુતીકોરિનમાંથી લોકસભા બેઠકના ઉમેદવાર કાનીમોઝીએ કહ્યું છે કે, છેલ્લા પાંચ વર્ષમાં દરેક સરકારી એજન્સીનું શોષણ કરવામાં આવી રહ્યું છે. સીબીઆઈ, ઈડી, આરબીઆી, આીટ અને ચૂંટણી પંચ તમામની સાથે સમજૂતિ કરવામાં આવી છે. માત્ર વિપક્ષી નેતાઓને જ ટાર્ગેટ કરવામાં આવી ર્યા છે. આ પહેલા સ્ટાલિને પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારો કર્યા હતા.

## કોંગ્રેસના જ કાર્યકરોના ખરાબ વર્તનથી પ્રિયંકા ચતુર્વેદી ભારે નારાજ

### કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રિયંકાએ કોંગ્રેસની ટિકા કરી

નવીદિલ્હી, તા. ૧૭

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા અને ભાજપ સરકારની તીવ્ર ટિકા કરવામાં સૌથી આગળ રહેલા પ્રિયંકા ચતુર્વેદીએ આજે પોતાની પાર્ટીને લઈ જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી. પ્રિયંકા ચતુર્વેદીએ પોતાની પીડા રજૂ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસમાં તેમને ધમકી આપનાર લોકોને એમ જ છોડી દેવામાં આવ્યા છે. તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. પ્રિયંકાએ પોતાની સાથે ખરાબ વર્તન કરનાર કોંગ્રેસી કાર્યકરોને પાર્ટીમાં ફરીથી લેવાના નિર્ણયની ટિકા કરતા ટ્વિટર પર પોતાની પાર્ટીની આજે ઝાટકણી કાઢી હતી.

પાર્ટીના આ નિર્ણયથી નારાજ હોવાની વાત કરતા ચતુર્વેદીએ કહ્યું હતું કે, પાર્ટીની અંદર થનાર આ પ્રકારના વર્તનથી તેમને ખુબ



નારાજગી થઈ છે. હતાશા પણ હાથ લાગી છે. આ સંદર્ભમાં જ્યારે વરિષ્ઠ નેતા કપિલ સિબ્બલને પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે સિબ્બલે પ્રશ્નને ટાળી દીધો હતો અને કહ્યું હતું કે, આ સંદર્ભમાં ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

પ્રિયંકાએ ટ્વિટ કરીને કહ્યું હતું કે, આ ખુબ જ દુખદ બાબત છે કે, ખરાબ આચરણ કરનાર પાર્ટીના લોકોને કોંગ્રેસ પાર્ટીમાં મહત્વ આપવામાં આવી રહ્યું છે. ખૂન પસીના સાથે મહેનત કરનાર લોકોને મહત્વ આપવામાં આવી રહ્યું નથી. પાર્ટી માટે લોકો તરફથી ફેંકવામાં આવેલા પથ્થરો અને ખરાબ શબ્દોનો સામનો પહેલા પણ કર્યો છે પરંતુ પાર્ટીની અંદર તેમની સાથે ખરાબ વર્તન કરનાર લોકોને છોડી દેવામાં આવ્યા છે. તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ ખુબ જ દુખદ બાબત છે.

## કોંગી તુષ્ટીકરણની રાજનીતિ કરી રહી છે : વિજય રૂપાણી

### ભાજપ ૧૩૦ કરોડ દેશવાસીઓ એક છે અને તેથી સૌનો સાથ સૌના વિકાસના મંત્ર સાથે કામ કરે છે : મુખ્યમંત્રી

અમદાવાદ,તા.૧૭

આજરોજ વલસાડ લોકસભા બેઠકના ઉમેદવાર ડૉ. કેસી પટેલના સમર્થનમાં ધરમપુર ખાતે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેરસભાને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આ વખતની ચૂંટણી રાષ્ટ્રવાદ અને પરિવારવાદ વચ્ચેની છે. આપણા દેશની દેશભક્ત જનતા સૌ પ્રથમ દેશનું હિત ઈચ્છે છે. આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રવાદને વરેલા છે, તેઓ રાષ્ટ્રના હિત માટે અથાગ પરિશ્રમ કરી રહ્યાં છે, જ્યારે કોંગ્રેસ માત્ર પરિવારવાદનો જ વિચાર કરે છે. અમારો પરિવાર જ દેશ ઉપર રાજ કરે તેવી માનસિકતા ધરાવે છે. રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી સર્વ ધર્મ સમભાવને લઈને આગળ વધી રહી છે. બીજી તરફ કોંગ્રેસ તુષ્ટીકરણની રાજનીતિ કરી રહી છે. મત લેવા માટેની કોંગ્રેસની ઢોંગી બિનસાંપ્રદાયિકતાને લોકોએ ઓળખી લીધી છે. ભાજપા માટે ૧૩૦ કરોડ દેશવાસીઓ એક છે અને તેથી જ ભાજપા "સૌનો સાથ સૌનો વિકાસ"ના મંત્ર સાથે કાર્ય કરી રહી છે. ગઈ કાલે પંજાબ કોંગ્રેસના મંત્રી અને પાકિસ્તાનની દલાલી કરનાર નવજોતસિંહ સિધ્ધુ ગુજરાતના પ્રવાસે આવ્યા હતાં. તેમણે બિહારની એક જાહેરસભામાં કહ્યું હતું કે, મુસલમાનો એક થાવ તો જ મોદી હટશે. આ રીતે તુષ્ટીકરણની રાજનીતિ કોંગ્રેસ વર્ષોથી કરતી આવી છે. કોંગ્રેસે મુસલમાનોને મતનું મશીન ગણ્યું છે.

## એમડીએમકેના નેતા દિનાકરના કાર્યાલય પર ચૂંટણીપંચના દરોડા

### ૧.૫ કરોડ જપ્ત : ૧૫૫ કાર્યકરો સામે કેસ દાખલ, કરોડો રૂપિયા પેકેટમાં મળ્યા

ચેન્નાઈ,તા.૧૭

ચૂંટણીમાં નાણાનો ખોટો ઉપયોગ રોકવા માટે તામિલનાડુમાં ચૂંટણી પંચની મોટા પાયે એકશન જારી છે. મંગળવારે રાતે ચૂંટણી પંચની ટીમે થેની જિલ્લાના અંડીપટ્ટીમાં અમ્મા મક્કલ મુનેત્ર કઙગમ (સ્ઢસ્દ્ધ)ના કાર્યાલય પર છાપો માર્યો.

આ દરમિયાન ચૂંટણી પંચની ટીમ અને સ્ઢસ્દ્ધના કાર્યકરો વચ્ચે સંઘર્ષ પણ થયો. પોલીસે ચાર કાર્યકરોની ધરપકડ કરવાની સાથે ૧૫૫ કાર્યકરો વિરુદ્ધ કેસ પણ કર્યો છે. આ પહેલા ઈક્રમ ટેક્સ વિભાગની ટીમે ચૂંટણી પંચના અધિકારીઓ સાથે મળીને ઢસ્દ્ધ નેતા કનિમોઝીના નિવાસસ્થાને પણ છાપો માર્યો હતો.

સ્ઢસ્દ્ધના કાર્યાલય પર રાતે ૯:૩૦ વાગ્યે પડેલી રેડ સવારે ૫:૩૦ વાગ્યા સુધી ચાલી. આ દરમિયાન ટીમે આશરે ૧ કરોડ ૪૦ લાખ રૂપિયા જપ્ત કર્યા. આ રકમ અનેક પેકેટમાં રાખવામાં આવી હતી. આ પેકેટ પર વોર્ડ નંબર લખ્યો હતો અને દરેક વોટરને ૩૦૦ રૂપિયા આપવાનો હિસાબ લખવામાં આવ્યો હતો. ચૂંટણી પંચનું કહેવું છે કે હાલ જપ્ત કરાયેલા રૂપિયાની ગણતરી કરવામાં આવશે. એ પછી જ ચોક્કસ આંકડો જારી થશે.

## ભાજપ ૨૦૦ વર્ષ સત્તામાં રહેશે તો પણ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવી શકશે નહીં

### જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદનું નિવેદન

ન્યુ દિલ્હી,તા.૧૭

લોકસભા ચૂંટણીના સંકલ્પ પત્રમાં ભાજપએ કાશ્મીરમાંથી ધારા ૩૭૦ હટાવવાની વાત કહી છે. આ અંગે જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે પાર્ટીનો પક્ષ રજૂ કર્યો છે. ધારા ૩૭૦ના મુદ્દા પર કોંગ્રેસ ખુલીને સામે આવી ગઈ છે. કોંગ્રેસ નેતા ગુલામ નબી આઝાદે કહ્યું હતું કે, જ્યાં સુધી કોંગ્રેસ છે ત્યાં સુધી કાશ્મીરમાં ધારા ૩૭૦ કોઈ નહીં હટાવી શકે. આઝાદે કહ્યું હતું કે, ભાજપ ૨૦૦ વર્ષ પણ સરકારમાં રહે, તો પણ ધારા ૩૭૦ હટાવી નહીં શકશે.

કાશ્મીરમાં ધારા ૩૭૦ના સવાલ પર નેશનલ કોન્ફ્રન્સ અને પીડીપીની પાછળ રહીને બેટિંગ કરી રહેલી કોંગ્રેસ હવે ખુલીને સામે આવી ગઈ છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે અનંતનાગમાં કહ્યું હતું કે, જ્યાં સુધી કોંગ્રેસ છે ત્યાં સુધી ધારા ૩૭૦ હટવા નહીં દેશે. ભલે ભાજપ ૨૦૦ વર્ષ સુધી રાજ કરી લે.

કાશ્મીરમાં લોકસભા ચૂંટણી પ્રચારમાં ફારુક અબ્દુલ્લા અને મેહબુબા મુફ્તી ધારા ૩૭૦ હટાવવા પર દેશ તૂટવાની ધમકી આપી ચુક્યા છે. ભાજપ શરૂઆતથી જ કહી રહ્યું છે કે, ધારા ૩૭૦ પર બંને પાર્ટીઓની પાછળ અસલી સપોર્ટ કોંગ્રેસનો છે. ભાજપએ સંકલ્પ પત્રમાં ૩૭૦ અને ૩૫છ હટાવવાની વાત કહી છે. આ અંગે ગુલામ નબી આઝાદે કહ્યું હતું કે, જ્યાં સુધી કોંગ્રેસનું અસ્તિત્વ છે, ત્યાં સુધી ૩૭૦ નહીં હટી શકે.

### બીજા તબક્કામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

શાહ, રાજનાથ સિંહ, તેમજ કેન્દ્રિય પ્રધાનોએ જવાબદારી સંભાળી હતી. જેમાં ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણી અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન શિવરાજ સિંહ ચૌહાણનો સમાવેશ થાય છે. કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધીએ તમામ તાકાત લગાવી દીધી હતી. બીજા તબક્કાની ચૂંટણીમાં અનેક મોટા માથા મેદાનમાં રહેલા છે જેમાં કેન્દ્રિય પ્રધાન જુઆલ ઓરમ, સદાનંદ ગૌડા, રાધાકૃષ્ણન, પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડા, કોંગ્રેસના નેતા વિરપ્પા મોઈલી, રાજ બબ્બર, નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂખ અબ્દુલ્લા, ભાજપના હેમા માલિની, ડીએમકેના દયાનિધી મારન, કાનીમોઝી અને એ રાજાનો સમાવેશ થાય છે. ઓરિસ્સામાં લોકસભાની પાંચ સીટોની સાથે ૩૫ વિધાનસભા સીટ માટે પણ મતદાન યોજાનાર છે. મુખ્યપ્રધાન નવીન પટનાયક પોતે પણ મજબુત ગઢમાંથી મેદાનમાં છે. લોકસભા સીટ માટે પાંચ મહિલા ઉમેદવાર પણ મેદાનમાં છે. વિધાનસભામાં ૨૫ મહિલા ઉમેદવારો મેદાનમાં દેખાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. બીજા તબક્કામાં ૧૬૪૪ ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે.

### વ્યાપક દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકસભા અને ૧૮ વિધાનસભા ચૂંટણી માટે ગુરુવારના દિવસે મતદાન થનાર છે. બીજા તબક્કા માટે ચાલી રહેલા ચૂંટણી પ્રચારનો અંત થયા બાદ આવકવેરા વિભાગના અધિકારીઓએ તુતીકોરિનના કુરીંગીનગર સ્થિત કાનીમોઝીના આવાસ પર દરોડા પાડ્યા હતા. આવકવેરા વિભાગના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે, તુતીકોરિનના કલેક્ટર પાસેથી એવી માહિતી મળી હતી કે, આવાસમાં ઉપરના હિસ્સાને રોકડ રકમ જમા કરવા માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કલેક્ટર પાસેથી મળેલી માહિતીના આધાર પર દરોડા પાડવામાં આવ્યા હતા. એક સાથે બે ટીમો દરોડા પાડવા માટે પહોંચી હતી. આવકવેરા વિભાગના અધિકારીઓએ કહ્યું હતું કે, અહીં પૈસા સ્ટોર કરવામાં આવી રહ્યા હતા કે કેમ તેને લઈને તપાસ કરવામાં આવી હતી. બીજી બાજુ કાનીમોઝીના ભાઈ સ્ટાલિને મોદીની ઝાટકણી કાઢી છે. તેમણે કહ્યું છે કે, ભાજપના તમિળનાડુ અધ્યક્ષ સૌંદર રાજનના આવાસ પર કરોડો રૂપિયા મુકવામાં આવી રહ્યા છે પરંતુ ત્યાં દરોડા પાડવામાં આવી રહ્યા નથી.

### મોદીની ચેતવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસ પર પ્રહારો કરતા મોદીએ કહ્યું કે, કોંગ્રેસના નેતાઓ પાકિસ્તાનમાં જઈને બોલ્યા હતા કે ચોકીદારને હટાવી દો... કોંગ્રેસ એટલી બધી નીચી જુકી ગઈ છે કે, હવે ઉભા થવાની તાકાત પણ નથી રહી, કોંગ્રેસ મોદીને ગાળો દેતા દેતા હવે ગુજરાતને પણ ગાળો આપી રહી છે.

કોંગ્રેસ ભાજપ પર જેટલો કીચડ ઉછાળશે એટલા જ દેશમાં કમળ ખીલશે તેવું કહી મોદીએ વચન આપતાં કહ્યું હતું કે ૨૩ મેએ જ્યારે ફરી એકવાર મોદી સરકાર બનશે ત્યારે ૧૨ કરોડ ખેડૂતોના ખાતમાં રૂપિયા જમા થશે. ખેડૂતને મોદી સરકાર ૬૦ વર્ષ બાદ પેન્શન આપશે.

મોદીએ કહ્યું કે દેશમાં પહેલીવાર વેલફેર બોર્ડ બનાવાનું કામ ભાજપ સરકારે કર્યું છે. સૌરાષ્ટ? અને કચ્છમાં ૪૦ વર્ષ પહેલા નર્મદા નદીના નીર પહોચ્યા હોત તો માલધારીઓને હીજરત કરવાની ફરજ ના પડી હોત. નર્મદાના નીર રાજકોટ, સુરેન્દ્રનગર, જામનગર જેવા સ્થળો પર ભાજપ સરકારે પહોચાડ્યું છે. દેશમાં પહેલીવાર પાણી માટે અલગ મંત્રાલય બનાવામાં આવશે. માછીમારો માટે પણ અલગ મંત્રાલય બનાવામાં આવશે. દેશના વિકાસ માટે અને દેશને આધુનિક બનાવાનું કાર્ય ભાજપ સરકાર કરશે.

### સુરક્ષા સાધનો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરહદે ચોક્કસાઈ વધારવાનું શરૂ કરી દીધુ હતુ.

સૂત્રો અનુસાર, આ બાબતના સંબંધે ત્રણેય સેનાઓ કેટલાક પ્રસ્તાવો પર આગળ વધી રહી છે. સેનાએ ઈઝરાયલથી ૨૫૦ સ્પાર્ઈક મિસાઈલ ખરીદવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જે તેની જરૂરિયાતને પૂરી કરશે. વાયુસેનાએ આંતરરાષ્ટ્રીય બજારમાં કેટલીક મિસાઈલ ખરીદવામાં રસ દાખવ્યો છે. જે સરહદ પર ભારત વિરોધી ગતિવિધિમાં જરૂરિયાતને પૂરી કરવામાં મદદ મળશે.

અધિકારો અનુસાર સાધનો ખરીદવા માટે સેનાએ રક્ષા નાણા વિભાગના નાણાંકીય સલાહકારની સહમતિ લેવાની પણ જરૂરિયાત નથી. રક્ષા મંત્રાલયનું માનવુ છે કે સેનાને યુદ્ધ કરવુ છે. તેથી તેમની જરૂરિયાત અને પ્રાથમિકતા પર નિર્ણય લેવો જોઈએ અને જરૂરી સાધનો ખરીદવા જોઈએ.

### પ્રચાર કર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહામંત્રી ડો વાસુદેવ પટેલ ,ઓસ્ટ્રેલિયાના પ્રમુખ જયેશ શાહ, યુગાન્ડાના પ્રમુખ હીંમાશુ કાપડીયા , મોરેશિયસ ભાજપના પ્રમુખ લાલજી પટેલ, ન્યુઝીલેન્ડના હીતેશ વ્યાસ, અમેરિકા મહીલા પાંખના અનાર મહેતા સહીત જુદા જુદા દેશના ભાજપના આગેવાનો પ્રચાર ઝુંબેશમા જોડાયા હતા. ત્રિસ્તરીય પ્રચાર કાર્ય અન્વયે જુદા જુદા દેશોમાં ગુજ્જુઓ દ્વારા બિનનિવાસી ગુજરાતીઓમાં ચાય પે ચર્ચા...મેં ભી ચોકીદાર ઉપરાંત ગરબા કાર્યક્રમોમાં ચુંટણી પ્રચાર જોરશોરમાં ચાલી રહ્યો છે. વિદેશમાંથી આવેલા ભાજપના કાર્યકરોએ નગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહાંની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે આ ડેલીગેશનના સભ્યો સાથે પ્રશ્નોતરી પણ કરી હતી. ભાજપના આ એન આર આઈ કાર્યકરોએ વોર્ડ નં-૪ માં ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો.

### ઉગ્ર માંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસેલા વરસાદને લઈ એકબાજુ ઉનાળાની ગરમીમાં કંઈક અંશે લોકોને ઠંડકનો અનુભવ થયો હતો પરંતુ કમોસમી વરસાદે ખેડૂતોનો કિંમતી પાક ધોઈ નાંખતા અને પાકની મોટાપાયે નુકસાની થતાં રાજયનો ખેડૂતઆલમ ચિંતામાં ગરકાવ બન્યો છે. ગીરની ખુશબુદાર કેસર કેરીનો સ્વાદ કેરીના શોખીનો માટે તૈયાર થવા લાગ્યો છે પરંતુ મોસમે છેલ્લા બે દિવસમાં બદલેલા મિજાજના કારણે કેરીના પાકને ભારે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. કેરીના સારા પાકની આશા પર પાણી ફરી વળતાં સ્વાદરસિયાઓને પણ કેરી આ વર્ષે મોંઘી પડશે. બે દિવસના વાતાવરણના પલટાના કારણે આંબા પરથી કેરીના ગોરવા મોટી સંખ્યામાં ખરી પડયા છે. ગીરના ખેડૂત અગ્રણી નટુભાઈ પટેલના જણાવ્યા અનુસાર હાલની પરિસ્થિતિ જોતાં ખાતર ,દવા અને મજૂરીનો ખર્ચ માટે પડશે. કેરીનો પાક માંડ ૩૦ ટકા જેટલો બચ્યો હોઈને કેરીનું બજાર મોંઘુ રહેશે.

### મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલું

નારાયણ. એ વખતનું એક પોસ્ટર મને યાદ રહી ગયું છે. જયપ્રકાશના ચહેરાવાળા એ પોસ્ટરમાં લખ્યું હતું, '' અંધકારમેં એક પ્રકાશ, જયપ્રકાશ, જયપ્રકાશ. ''એ સૂત્ર મને બહુ ગમતું હતું, કારણ કે જયપ્રકાશ અમને બેહદ ગમતા હતા. તેમને સાંભળવા અમે અમદાવાદ, એચ. કે. કોલેજના મેદાનમાં ગયા હતા. ત્યાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ એકઠા થયેલા. ૧૯૭૭ ની ચૂંટણીઓ વખતે હું સંપૂર્ણ બેકાર હતો. તેથી મોરારજી દેસાઈ, અટલબિહારી બાજપાઈ, રાજનારાયણસિંહ, મધુ દંડવતે, આચાર્ય કૃપલાની, મોહન ધારિયા, જ્યોર્જ ફર્નાન્ડીઝ, આપણા પુરુષોત્તમ માવલંકર, બાબુભાઈ જશભાઈ પટેલ વગેરે લગભગ તમામ નેતાઓની સભાઓ મેં સાંભળેલી. ચૂંટણી પહેલાં એકવાર ઈંદિરાને પણ જોયેલા તે ઘણા થાકી ગયેલાં અને હતાશ દેખાયેલાં. ઈંદિરાજીની ચૂંટણી સભા કદી સાંભળી નથી. પણ ૧૯૭૧ ના યુધ્ધ પહેલાં તેમણે રેડિયો પર આપેલું પ્રવચન આખું સાંભળેલું.

તે સમયે જાતજાતના સૂત્રો આવેલાં. મોંઘવારીથી ત્રાસેલી જનતાએ સૂત્ર બનાવ્યું,'' ઈંદિરાકા દેખો ખેલ, ખા ગઈ રેશન, પી ગઈ તેલ.'' કટોકટી જાહેર થયેલી ત્યારે બધા નેતાઓને જેલમાં પૂરી દેવાયેલા. મોરારજી દેસાઈ, અટલબિહારી બાજપાઈ અને અડવાણી પણ જેલ ગયેલા. ચૂટણી જાહેર થયા બાદ બધા નેતાઓ છૂટેલા પણ જ્યોર્જ ફર્નાંડીઝ નહોતા છૂટ્યા. તેમણે પણ ઉમેદવારી પત્રક ભરેલું અને લોકો હાથે પગે સાંકળો બાંધેલું તેમનું પૂતળું ટ્રકમાં ગોઠવી સરઘસ કાઢતા. સરઘસમાં એક સૂત્ર પોકારતા'' જેલકા તાલા ટૂટેગા, ફર્નાંડીઝ છૂટેગા.'' ફર્નાંડીઝ ૩. ૩૯. ૦૦૦ મતની સરસાઈથી જીતેલા. અત્યારે રસ્તાઓ પર દોડતી અસંખ્ય મારુતિ ગાડીનું સ્વપ્ન જોનાર ઈંદિરાના પુત્ર સંજય ગાંધીને લોકો ચૂંટણી પછી એમ કહેતા કે મારુતિ તો નહીં બની ''લેકિન મા રોતી બન ગઈ.'' એક સરસ કાર્ટુન છપાયેલું. દેવકાંત બરુઆના સૂત્ર " Indira is India" માંથી મોરારજી દેસાઈ તેમની લાકડી વડે "r" ખેંચી લે છે અને બચે છે. "India is India."

આ તો થઈ પહેલાના જમાનાની વાતો. ત્યારની ચૂટણી અને એના ભૂલાઈ ગયેલાં સૂત્રોની વાતો. આજના સૂત્રોની વાતો આપણી ચૂટણી પત્યા પછી કરવાની તક મળશે. આજકાલ નેતાઓ રોજેરોજ નવા વચનો આપે છે. તમે પણ એક વચન આપો. મતદાન કરવા જરૂર જજો.ભારતમાતા તમને આતુર નયને નિહાળી રહી છે.